ઘઉંનાં ઓછા ભાવ મળતાં મોડાસામાં ખેડૂતોએ હરાજી અટકાવી

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

(જય અમીન) મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસાના માર્કેટયાર્ડમાં સમગ્ર જિલ્લાના ખેડૂતો મહામહેનતે પકવેલા પાકોનું વેચાણ કરવા માટે આવતા હોય છે. ત્યારે મોડાસા માર્કેટયાર્ડમાં સરકારે નિયત કરેલા ભાવ કરતા ઘઉંના ઓછા ભાવ પડતાં વિફરેલા ખેડૂતોએ હરાજી અટકાવી સૂત્રોચ્ચાર કરી માર્કેટયાર્ડનો દરવાજો બંધ કરી દિધો હતો. બપોરે ૧ વાગ્યા સુધી વેપારીઓ અને ખેડૂતો વચ્ચે ભાવ બાબતે નિરાકરણ ન આવતા માર્કેટયાર્ડમાં ટેક્ટરોની લાંબી લાઈનો જોવા મળી હતી.

મોડાસા માર્કેટયાર્ડમાં આજે સવારે મોટા પ્રમાણમાં ટ્રેક્ટરો લઈને ઘઉં વેચવા માટે ખેડૂતો ઉમટી પડ્યા હતા ત્યારે અચાનક જ અમુક વેપારીઓએ જુથબંધી કરી વેપારીઓએ સરકારે બાંધેલા ટેકાની ભાવથી નિચા ભાવે હરાજી શરૂ કરતાં જ મોંઘા બિયારણ તેમજ જંતુનાશક દવાઓ અને ખાતરના ખર્ચ કરતાં હોવા છતાં પકવેલા ઘઉના યોગ્ય ભાવ ન મળતાં ખેડૂતો વિફર્યા હતા અને સુત્રોચ્ચાર કરી હરાજી અટકાવી માર્કેટયાર્ડની ઓફિસમાં ઘસી ગયા હતા. ખેડૂતોના આક્રોશને પારખી માર્કેટયાર્ડના ચેરમેન ચંદુભાઈ પટેલ, ડીરેક્ટર અશોક પટેલ તાત્કાલિક નવા માર્કેટયાર્ડના ઓક્શન શેડમાં આવીને ખેડૂતોને શાંતિ રાખવા વારંવાર અપીલ કરી હતી. પરંતુ વિફરેલા ખેડૂતો શાંત પડ્યા ન હતા અને ઘઉંના યોગ્ય પોષણક્ષમ ભાવ આપવા માંગણી ચાલુ રાખી હતી. અમુક ખેડૂતોએ માર્કેટયાર્ડના સત્તાધીશો સાથે ચર્ચામાં વ્યસ્ત હતા ત્યારે વિફરેલા ખેડૂતોના એક ટોળાએ નવા માર્કેટયાર્ડના ડગરવાડા રોડ પરનો દરવાજો બે વાર બંધ કરી દીધો હતો. બપોરના ૧ વાગ્યા સુધી નવા માર્કેટયાર્ડમાં ઘઉંથી ભરેલા ટ્રેક્ટરોના ઢગ ખડકાઈ ગયા હતા. દૂર દૂરથી આવેલા ખેડૂતો ગરમીમાં શેકાયા હતા અને ભુખ્યા તરસ્યા રહેવાનો વારો આવ્યો હતો. ખેડૂતોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોએ મોંઘા ખર્ચાઓ અને મહામહેનતે પકવેલા ઘઉંના ભાવ યોગ્ય મળે તેવી યોગ્ય વ્યવસ્થાની ગોઠવણી કરવી જોઈએ જેથી ભૂમિપુત્રોને નુકશાન ન થાય.

પ્રાંતિજમાં સમૂહ યજ્ઞોપવિત બ્રહ્મસમાજ ચોર્યાસી યોજાશે

આઠમો સમૂહ યજ્ઞો પવિત તથા બ્રહ્મસમાજ ચોર્યાસી યોજાશે : શ્રી માર્કેડેશ્વર મહાદેવ ખાતે સાંસ્કૃતિક શાસ્ત્રોક્ત વિધિપૂર્વક બટુકો જનોઈ ધારણ કરશે

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહયજ્ઞો પવિત તથા બ્રહ્મસમાજ ચોર્યાસી તા. ૨૪-૪-૨૦૧૫ને શુક્રવારના રોજ યોજાશે.

પ્રાંતિજ ખાતે આવેલ સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા આઠમો સમૂહ યજ્ઞો પવિત (જનોઈ)તથા બ્રાહ્મણ સમાજ ચોર્યાસીનું આયોજન કરેલ છે. સમુહ યજ્ઞો પવિતમાં જે બટુકોના નામ લખાવવાનું બાકી હોય તેમણે બ્રહ્મસમાજના પ્રમુખ યોગેશભાઈ એન. રાવલ, મધુભાઈ ડી. રાવલ, મંત્રી મનીષભાઈ પંડ્યા તથા કારોબારી સભ્યો પાસેથી ફોર્મ મેળવી લઈ તા. ૧૦-૪-૨૦૧૫ સુધીમાં ફોર્મ ભરીને પરત કરવાના રહેશે. પ્રાંતિજ તથા તાલુકામાંથી કોઈપણ બ્રાહ્મણ કે સમસ્ત બ્રહ્મસમાજમાંથી કોઈ પણ બ્રાહ્મણ બટુકને જનોઈ ધારણ કરાવવા ઈચ્છતા હોય તેવા લોકોએ તાત્કાલિક ધોરણે ફોર્મ મેળવી ભરી સમય મર્યાદામાં પરત કરવાનું રહેશે. અત્યાર સુધીમાં નવ ફોર્મ આવી ગયા છે. આ યજ્ઞો પવિત વિધિ નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજમાંથી દાન આપવા ઈચ્છતા હોય તેવા દાંતાઓનું દાન પણ સ્વિકારવામાં આવશે.

આ દાતાઓએ પ્રમુખ તથા મંત્રી કારોબારીનો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે. બટુકોને યજ્ઞો પવિત સાંસ્કૃતિક શાસ્ત્રોત વિધિ પૂર્વક જોષી પ્રકાશભાઈ મહારાજ દ્વારા અપાવવામાં આવશે. આઠમો સમૂહ યજ્ઞો પવિત તથા બ્રહ્મસમાજ ચોર્યાસી નેશનલ હાઈવે ઉપર આવેલ શ્રી માર્કેડેશ્વર મહાદેવદાદા મંદિર ખાતે તા. ૨૪-૪-૨૦૧૫ને શુક્રવારના રોજ યોજાશે જેમાં સમસ્ત બ્રહ્મસમાજના પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા લોકોને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તે દિવસે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઊંઝાના કંથરાવી ગામે એક રાતમાં બે ચોરીના બનાવો

ઊંઝા, તા. ૨૩

ઊંઝા તાલુકાના કંથરાવી ગામની સીમમાં આવેલ સોફોળ માતાજીના મંદિરમાં રાત્રિના સમયે કોઈ તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરો મંદિરના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ્યા હતા અને માતાજીના આભૂષણો ચાંદીના છત્તર નંગ-૧૫, ચાંદીના પગલા તથા ચાંદીના સેટ, આ મંદિરની પરિસરમાં આવેલ બે નાના મંદિરોમાંથી ચાંદીના છત્તર મળી કુલ ૪૫,૫૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. જયારે બીજા કિસ્સામાં કંથરાવી ગામની સીમમાં આવેલ ખાનગી ટયુબવેલની ઓરડીનો નકૂચો તોડી અંદર પ્રવેશી કોઈ તસ્કરો ૩૫ એમ.એમ. અને ચાર એમ. એમ. નો મળી કુલ ૪૦ મીટર કેબલવાયરની ચોરી કરી ગયા હતા. ચોરાયેલ કેબલ વાયરની કિંમત રૂપિયા ૨૫૦૦૦ની થવા જાય છે.

ગુજરાતમાં વિકાસનું માર્કેટીંગ કરાયું છે : અશોક ગેહલોત

બનાસકાંઠાની મુલાકાતે આવેલા રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતના પ્રહાર : ડો. મનમોહનસિંહ પરના આક્ષેપોને ખેદજનક ગણાવ્યા

પાલનપુર, તા. ૨૩

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત ગુજરાતના બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન તેમણે નરેન્દ્ર મોદી પર ગુજરાતના વિકાસનું માત્ર માર્કેટીંગ કરવાનો આક્ષેપ કરતા પૂર્વ વડાપ્રધાન ડૉ. મનોહનસિંહ પર લગાવાયેલા આરોપોને ખેદજનક ગણાવ્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ડીસામાં પત્રકારોને સંબોધતા અશોક ગેહલોતે કોલ બ્લોક ફાળવણીના મુદ્દે ડૉ. મનમોહનસિંહને સીબીઆઈ કોર્ટે બજાવેલા સમન્સને ખેદજનક જણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે વિકાસ તો રાજસ્થાનનમાં પણ થયો છે. પણ તેનું માર્કેટીંગ કરવામાં આવ્યુ નથી. તેમણે સમગ્ર વિશ્વમાં ભારતની છબી ખરડાઈ રહી હોવાનું જણાવતા કોંગ્રેસ હવે નવા જોમ-જુસ્સાથી તૈયાર થઈ રહી હોવાની હૈયાધારણ આપી હતી.

ડીસા ખાતે પહોંચેલા અશોક ગેહલોતનું કોંગ્રેસના અગ્રણી વિપુલભાઈ શાહે સ્વાગત કર્યું હતું. ડીસાથી જિલ્લા મથક પાલનપુર આવી પહોંચેલા ગેહલોતનું કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ અને ધાનેરાના ધારાસભ્ય જોઈતારામ પટેલ, રાયમલજી સોલંકી અને પૂર્વમંત્રી એ.કે. પટેલ દ્વારા સ્વાગત કરાયું હતું.

પ્રાંતિજમાં લેભાગુ જ્યોતિષ મહારાજે બે લાખનું ફુલેકુ ફેરવ્યુ

શ્રી સુપ્રસિદ્ધ માતૃકૃપા જ્યોતિષ કાર્યાલયના રાતોરાત પાટિયા પડી ગયા : ફાયનાન્સરો, ગ્રાહકો, દુકાન માલિક સહિત ઘરમાલિક પણ ગઠીયાની જાદુઈ લપેટમાં

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણ રસ્તા એપ્રોચરોડ ઉપર આવેલ ઘનશ્યામ કોમ્પલેક્શમાં આવેલ દુકાન ભાડે રાખી તથા પ્રાંતિજ ખાતે મકાન ભાડે રાખી જ્યોતિષ કાર્યાલય ખોલી ગ્રાહકો તથા ફાયનાન્સરો સાથે વિશ્વાસ કેળવી બે લાખથી પણ વધારે ચૂનો લગાવી ગાયબ થતાં ગ્રાહકો તથા પ્રાંતિજના ફાયનાન્સરોના રૂપિયા ડુબ્યાની ઘટનાએ સનસનાટી મચાવી છે. પ્રાંતિજ ત્રણ રસ્તા એપ્રોચ રોડ ઉપર આવેલ ઘનશ્યામ કોમ્પલેક્ષમાં બીજા માળે ભાડેથી દુકાન રાખી તેની અંદર શ્રી સુપ્રસિદ્ધ માતૃકૃપા જ્યોતિષ કાર્યાલય નામે પેઢી ખોલી અને રેલવે સ્ટેશન વિસ્તારમાં મકાન ભાડે રાખી રહેતા રમેશભાઈ બી. શાસ્ત્રી દુકાન આગળ મોટુ બોર્ડ ટીંગાવી તથા જુદા જુદા છાપાઓમાં જાહેરાતો આપી લોકોને તેમની અટોજ કોઈ પણ સમસ્યાનો સચોટ નિકાલ લાવવાની ગેરંટી આપી

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

તેમની પાસેથી જ્યોતિષના નામે રૂપિયા પડાવી તેમને મુરખ બનાવી પૈસા પડાવ્યા હોવાની બુમો પંથકમાં ઉઠવા પામી છે. પ્રાંતિજમાં આવેલ જુદી જુદી ફાયનાન્સ પેઢીઓમાંથી પણ વિશ્વાસ કેળવી પૈસા લીધા હોવાની રાવ ઉઠવા પામી છે. પ્રાંતિજમાં આવી માત્ર પાંચ થી સાત મહિનામાં લોકો જોડે વિશ્વાસ કેળવી રૂપિયા બે લાખથી પણ વધારે ફાયનાન્સરો તથા લોકોનું કરી નાખ્યું છે. આજ રીતે અગાઉ પણ પ્રાંતિજમાં એક જ્યોતિષકાર આવ્યો હતો અને લોકો પાસે સોનાની વીંટી નંગમાં મંત્રજાપ કરવાના બહાને લોકો પાસેથી સોનાની વીંટી તથા વિધિ માટે પૈસા લઈ ફરાર થઈ ગયો હતો અને તે પરત હજુ સુધી ફર્યો નથી. આમ અવારનવાર કિસ્સાઓ બનતાં હોય છે. છતાં લોભી લોકો આવા ધુતારાઓની વાતોમાં ફસાયા કરતા હોય છે. પ્રાંતિજમાં આટલો મોટો કિસ્સો બનવા છતાં એક પણ માઈકાલાલે આ શાસ્ત્રી વિરૂદ્ધ હજુ સુધી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી નથી જેથી આવા શાસ્ત્રીઓને ફાવતુ મલી જાય છે, અને લોભી લોકો વારંવાર છેતરાય છે. એટલે જ કોઈએ કહ્યું છે કે લોભી હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે આ કહેવતઅહી સાચી નિવડી છે.

પાલનપુરમાં પ્રસુતિની સારવાર માટે દાખલ મહિલાનું મોત થતા હોબાળો

ત્રણ દિવસથી ખાનગી તબીબને ત્યાં દાખલ મહિલાના રિપોર્ટ નોર્મલ હતા : એકાએક હાલત ગંભીર થતા સિવિલમાં ખસેડાઈ જ્યાં મહિલાને ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા હોબાળો

પાલનપુર, તા. ૨૩

પાલનપુર-દાંતા રોડ પર આવેલા જલોત્રા ગામની પરિણિતાને પ્રસુતિ માટે પાલનપુરના ગાયનેક તબીબને ત્યાં દાખલ કરાઈ હતી. સારવાર દરમ્યાન આ પ્રસુતાની

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હાલત ગંભીર બનતા તેણીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે મહિલાને મૃત જાહેર કરતા પરિણિતાના સગાઓએ હોબાળો મચાવ્યો હતો અને મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચી ગયો હતો.

બનાવની વિગતો એવી છે કે જલોત્રા ગામની મુસ્લિમ પરિણિતા રઈશાબેનને લગ્ન જીવન દરમ્યાન અગાઉ ૪ દિકરીઓ હતી અને પાંચમી પ્રસુતિ થવાની હતી. આ પ્રસુતિ માટે તેમને પાલનપુરના ગાયનેક ડૉ. ભાવેશ નાયકને ત્યાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ત્રણ દિવસની સારવાર દરમ્યાન તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા હતા.

એકાએક તેણીની તબિયત લથડતા ગંભીર હાલતમાં ડૉક્ટર અને તેના સ્ટાફે તેણીને સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. આ કારણે મહિલાના પિત હાજાભાઈ સુમરા અને અન્ય સગાસંબંધીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. તેમણે ખાનગી ગાયનેક ડૉ. નાયક પર બેદરકારીના આક્ષેપો લગાવી પોતાની ચાર દિકરીઓને એકલી પાડવા જવાબદાર ઠેરવી ન્યાયની માંગ કરી હતી. તેમના ભારે હોબાળાના કારણે મામલો પોલીસસ્ટેશન સુધી પહોંચ્યો હતો.

પોશીનામાં વિશ્વ ક્ષય દિનની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તાર એવા પોશીના તાલુકામાં તા. ૨૩ માર્ચના રોજ સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર પોશીના ખાતે વિશ્વ ક્ષય દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં પોશીના તાલુકાના આરોગ્ય કર્મચારીઓ તથા આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દેલવાડાના મેડિકલ ઓફિસર બી.એસ. ગઢવી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એચ.એસ. ગઢવી દ્વારા ક્ષય રોગ વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એ.કે. પટેલ દ્વારા ક્ષય રોગ વિશેની જાણકારી આપી તેમજ તેની સારવાર કેવી રીતે આપવામાં આવે છે તેમજ ક્ષય રોગનો ફેલાવો ના થાય તે માટે કયા પ્રકારની તકેદારી રાખવી તે અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે વિપુલભાઈ ગુર્જર-પ્રમુખ શ્રી શકિત ખાદી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા ક્ષય રોગ અટકાવવા માટે શું શું પગલા લેવા તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સા.આ.કેન્દ્ર પોશીનાના મેડિકલ ઓફિસર ડૉ. કે.એમ. ડાભી તેમજ ડૉ. કનુભાઈ બેગડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧